ખેડા જિલ્લામાં કમોસમી વરસાદથી પ્રભાવિત 91,823 ખેડૂતોને સહાય ચુકવાઇ

ખેડાના ખેડૂતોને 180.63 કરોડ અપાયાં

જિલ્લામાં 27,535 મેટ્રિક ટન મગફળીની ખરીદી કરી, ખેડૂતોને સીધી બેંક ખાતામાં જમા કરાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની સુખાકારી અને કૃષિ વિકાસને વેગ આપવા માટે હાથ ધરવામાં આવેલા પ્રયાસો હેઠળ ખેડા જિલ્લાના હજારો ખેડૂતોને આર્થિક સહાય અને પાકના ટેકાના ભાવનો લાભ મળ્યો છે. કમોસમી વરસાદને કારણે થયેલા નુકસાન સામે જાહેર કરવામાં આવેલા બે અલગ અલગ રાહત પેકેજ હેઠળ અત્યાર સુધીમાં જિલ્લાના 91,823 ખેડૂતોને કુલ 180.63 કરોડની રકમ ચૂકવવામાં આવી છે. સરકાર દ્વારા આ સહાયની પ્રક્રિયા પારદર્શક રીતે સીધી ખેડૂતોના ખાતામાં જમા કરીને તેમને આર્થિક સંબળ પૂરું પાડવામાં આવ્યું છે.

સમગ્ર રાજ્યમાં કૃષિ રાહત પેકેજની અમલવારી પર નજર કરીએ તો અત્યાર સુધીમાં 30 લાખથી વધુ ખેડૂતોના કુલ 8,710 કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાંથી 29.30 લાખ ખેડૂતોને 8,516 કરોડથી વધુની સહાય ચૂકવી દેવામાં આવી છે. આ પેકેજ દ્વારા કુદરતી આપદાનો સામનો કરી રહેલા ખેડૂતોને ટૂંકા ગાળામાં જ આર્થિક રાહત પહોંચાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ખેડા જિલ્લામાં આ કામગીરી વેગવાન બનાવીને મહત્તમ અસરગ્રસ્તોને આવરી લેવામાં આવ્યા છે. કૃષિ સહાય ઉપરાંત રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીન જેવા પાકોની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા પણ સમાંતર રીતે ચાલી રહી છે. ખેડા જિલ્લામાં આ પ્રક્રિયા હેઠળ 27,535 મેટ્રિક ટનથી વધુ મગફળીની ખરીદી કરવામાં આવી છે. આ ખરીદીના બદલામાં જિલ્લાના 1,372 ખેડૂતોને કુલ 1,561 લાખથી વધુની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

રાજ્યભરમાં અત્યાર સુધીમાં 6.79 લાખથી વધુ ખેડૂતો પાસેથી 10,698 કરોડથી વધુની કિંમતના કુલ 14.91 લાખ મેટ્રિક ટન જથ્થાની ખરીદી થઈ છે, જેની સામે 4.16 લાખથી વધુ ખેડૂતોને 6,573 કરોડની ચુકવણી કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયોથી ખેડૂતોમાં કૃષિ ક્ષેત્ર પ્રત્યે વિશ્વાસ વધ્યો છે અને તેમની આર્થિક સ્થિતિ મજબૂત બની છે.

કરમસદ-આણંદ મહાનગરપાલિકાના એક વર્ષના શાસન સામે વિરોધ : કચેરી બહાર સદબુદ્ધિ હવન અને ગૌપૂજન યોજાયું

કરમસદ-આણંદ મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થવા છતાં રસ્તા, ગટર અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં તંત્ર નિષ્ફળ રહ્યું હોવાના આક્ષેપ સાથે સામાજિક કાર્યકર હર્ષિલ દવેએ અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યો હતો. તેઓએ મનપા કચેરીના મુખ્ય ગેટ બહાર તંત્રને જાગૃત કરવા માટે સદબુદ્ધિ હવન અને ગૌપૂજનનો કાર્યક્રમ યોજીને શહેરીજનોની હાલાકી અંગે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. આ અંગે હર્ષિલ દવેએ જણાવ્યું હતું કે, પાછલા એક વર્ષમાં જે કામો બાકી રહી ગયા છે, તે વહેલી તકે પૂર્ણ થાય અને ગરીબોની રોજીરોટી ન છીનવાય તે માટે આ હવન કરવામાં આવ્યો છે. આ સાથે શહેરમાં ગૌચરની જમીન ફાળવવા અને રખડતી ગાયોની દયનીય સ્થિતિ સુધારવા માટે પણ તંત્ર પાસે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી.

અમદાવાદ સિવિલમાંથી પોલીસ જાપ્તામાંથી ફરાર રીઢો આરોપી પકડાયો

કઠલાલ પોલીસ ચોપડે વોન્ટેડ રીઢો બુટલેગર આખરે પકડાયો

કપડવંજ ટાઉન પોલીસે હોટલમાંથી દબોચી લીધો

(પ્રતિનિધિ) કપડવંજ તા.1

કઠલાલ પોલીસ મથકે પ્રોહીબિશનના ગુનામાં અને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન પોલીસને ચકમો આપી ફરાર થયેલા કઠલાલ તાલુકાના કાકરખાડના રીઢા આરોપીને કપડવંજ ટાઉન પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. ખેડા જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ કાર્યરત સર્વેલન્સ ટીમે આ ફરાર આરોપીને કપડવંજ-નડીયાદ રોડ પર આવેલી હોટલમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કઠલાલ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલો પ્રતિકકુમાર ઉર્ફે પિન્ટુ રમણભાઈ ડાભી (રહે. કાકરખાડ, સિધ્ધનાથપુરા, તા. કઠલાલ)ને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ 30મી નવેમ્બર, 2025ના રોજ તે પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયો હતો, જે અંગે અમદાવાદના શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવા ખેડા-નડીયાદ પોલીસ અધિક્ષક વિજય પટેલ તથા નાયબ પોલીસ અધિક્ષક વી.એન.સોલંકીના માર્ગદર્શન હેઠળ કપડવંજ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર જનકસિંહ દેવડાની સર્વેલન્સ ટીમ તપાસમાં હતી. તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે આ આરોપી કપડવંજ-નડીયાદ રોડ પર ક્રિશીવ પ્લાઝામાં આવેલી ન્યૂ વિનય હોટલ ખાતે રોકાયેલ છે અને ત્યાંથી ભાગવાની પેરવીમાં છે.

આ બાતમીના આધારે પોલીસે વર્કઆઉટ કરી આરોપી પ્રતિક ઉર્ફે પિન્ટુને દબોચી લીધો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય નાગરીક ન્યાય સંહીતા-2023 મુજબ કાર્યવાહી કરી તેનો કબ્જો શાહીબાગ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

ખેડામાં માર્ગ સલામતી માસનો પ્રારંભ કરાયો

નડિયાદમાં 90 જવાનોની બાઈક રેલી દ્વારા અકસ્માત મુક્તનો સંકલ્પ કરાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

ખેડા જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ અને પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીના ભાગરૂપે નડિયાદમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

માર્ગ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો લાવવા અને નાગરિકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે સભાનતા કેળવવા માટે કલેક્ટર કચેરીથી સંતરામ મંદિર સુધી 4 કિલોમીટરના રૂટ પર આ રેલી યોજાઈ હતી. આ રેલીમાં જિલ્લા પોલીસના 50 જવાનો, 20 હોમગાર્ડ અને 20 ટીઆરબી જવાનો સહિત કુલ 90 સવારો હેલ્મેટ ધારણ કરી અને વિવિધ બેનરો સાથે જોડાયા હતા.

આ પ્રસંગે કલેક્ટર અમિત પ્રકાશ યાદવે જણાવ્યું હતું કે, માર્ગ સલામતીએ માત્ર વહીવટી તંત્રની નહીં પરંતુ દરેક નાગરિકની વ્યક્તિગત જવાબદારી છે. વાહન ચાલકોએ પોતાના પરિવારની ચિંતા કરીને ટ્રાફિક નિયમોનું સ્વયંભૂ પાલન કરવું જોઈએ. સમગ્ર જાન્યુઆરી માસ દરમિયાન ચાલનારા આ અભિયાન અંતર્ગત ખેડા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ વાહન ચાલકો માટે ખાસ કાર્યક્રમો યોજવામાં આવશે. અકસ્માત મુક્ત ખેડાના સંકલ્પ સાથે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

મહિલાઓને ઘર આંગણે રોજગારી આપવા પ્રોજેક્ટનુ આયોજન

કઠાણામાં મહિલાઓને સ્વનિર્ભર બનાવવા રોજગાર તાલીમ અપાશે

સહજ આનંદ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંપૂર્ણ સહયોગ આપીને વિનામૂલ્યે તાલિમ અપાશે

(પ્રતિનિધિ) બોરસદ તા 1

બોરસદ તાલુકાના ઝારોલા ગામની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા સહજ આનંદ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહીલાઓને ઘર આંગણે રોજગારી મળી શકે તે માટે સક્ષમ (હું કરી શકું છું) પ્રોજેક્ટ શરૂ કરવાની અનોખી પહેલ કરવામાં આવી છે.

સૌ પ્રથમ વખત ચુવા ગામમાં પ્રાયોગિક ધોરણે સહજ આનંદ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંપૂર્ણ સહયોગ આપીને બિલકુલ વિનામૂલ્યે તાલિમ વર્ગોનુ આયોજન કરીને મહિલાઓ રોજગારી મેળવી શકે તે માટે વિશિષ્ટ સંકલ્પ સાથે કામગીરી શરૂ કરાઈ છે. આયોજન અંતર્ગત

સંસ્થા દ્વારા તાલિમબધ્ધ થયેલ મહીલાઓને પોતાની મહેનતથી સ્વનિર્ભર બની આર્થિક સધ્ધરતા મેળવીને સક્ષમ બને તેવી વ્યવસ્થા કરાઈ છે. ચુવા ગામમાં મહીલાઓને પગભર બનાવ્યા બાદ આગામી સમયમાં સમગ્ર બોરસદ તાલુકાના ગામોમાં જરૂરીયાતમંદ મહિલાઓ માટે ગામે ગામ સક્ષમ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યું છે. સમક્ષ પ્રોજેક્ટ હેઠળ ત્રીજી જાન્યુઆરી શનિવારે કઠાણા ગામમાં સહજ આનંદ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહીલા સશક્તિકરણના એકમાત્ર હેતુસર શરૂ કરાયેલા સક્ષમ પ્રોજેક્ટનો લાભ મેળવવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવનાર છે.

ચુવા ગામમાં આયોજિત પ્રોજેક્ટ માટે તુલસી મિશન મંગલ જુથને સહજ આનંદ ચેરિટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા સર્વ છે પ્રકારે સહયોગ મળતાં નવતર પહેલ કરવામાં આવી છે. હવે કઠાણા ગામમાં ત્રીજી તારીખે કેબીનેટ મંત્રી રમણભાઈ સોલંકી અને નિમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં સક્ષમ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવનાર છે

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદ ખાતે ભાજપના નવનિયુક્ત પ્રદેશ મહામંત્રીઓનો સન્માન સમારોહ યોજાયો

નડિયાદ | ખેડા જિલ્લાના ભાજપ કાર્યાલય ખાતે રાજ્યના મંત્રીઓ, સાંસદ અને ધારાસભ્યોની હાજરીમાં પ્રદેશના નવનિયુક્ત મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ અને મધ્ય ઝોન પ્રભારી હિતેન્દ્રસિંહ ચૌહાણનું પુસ્તકોની ભેટ આપી ભવ્ય સન્માન કરાયું હતું,. આ પ્રસંગે ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ અજયભાઈની કાઉન્સિલરથી લઈને પ્રદેશ મહામંત્રી સુધીની સંગઠનલક્ષી સફરને બિરદાવી હતી, જ્યારે અજયભાઈએ જ્ઞાતિ સમીકરણો સાધી આગામી ચૂંટણીઓમાં વિજય મેળવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે નવનિયુક્ત મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ પણ હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે અમુલ ડેરી અને કેડીસીસી બેંકના ચેરમેનો સહિત ખેડા જિલ્લા ભાજપ સંગઠનના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

બીવીએમ ખાતે સીવીએમના અધ્યક્ષ એન્જી. ભીખુભાઇ પટેલના જન્મોત્સવની ઉજવણી કરાઇ

આણંદ | ચારુતર વિદ્યામંડળ સંચાલિત બીવીએમ ખાતે સંસ્થાના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઇ પટેલના 75મા જન્મદિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. ઈંદ્રજિત પટેલ, પ્રિન્સિપાલ ડો. વિનય પટેલ સહિતના અનેક મહાનુભાવો અને પરિવારજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સંસ્થાના દરેક વિભાગીય વડાઓ, અધ્યાપકો તથા કર્મચારીઓએ એન્જીનીયર ભીખુભાઇ પટેલને તેમના અમૃત મહોત્સવ વર્ષ નિમિતે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી. આ સાથે જ બીવીએમ એલ્યુમની એસોસિએશન દ્વારા તેમને મેમેન્ટો અર્પણ કરી વિશેષ રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદમાં 55 વિદ્યાર્થીઓએ આશ્રયસ્થાનની મુલાકાત લઈ સામાજિક જવાબદારીના પાઠ શીખ્યા

આણંદ | કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા પંડિત દિન દયાલ ઉપાધ્યાય આશ્રયસ્થાન ખાતે 'સ્ટુડન્ટ આઉટરીચ પ્રોગ્રામ' યોજી ભાવિ સમાજસેવકોને વહીવટી અને સામાજિક જવાબદારીથી અવગત કરાયાં હતાં. આ કાર્યક્રમમાં BSW અને MSW ના 55 વિદ્યાર્થીઓએ સહભાગી બની સરકારી યોજનાઓ, ફિલ્ડ વર્કનું મહત્વ અને સામાજિક ઉત્તરદાયિત્વનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. વિદ્યાર્થીઓએ આશ્રયસ્થાનની સુવિધાઓનું નિરીક્ષણ કરી લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો અને એનયુએલએમ વિભાગ દ્વારા શહેરી ગરીબો માટે ચાલતી વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી મેળવી હતી. આ આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં પુસ્તકીયા જ્ઞાનની સાથે સામાજિક સંવેદના અને સેવાકીય ભાવના જાગૃત કરવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આણંદમાં અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા 'નિવૃત્તિમાં રૂઆબથી જીવો' કાર્યક્રમ યોજાયો

આણંદ | અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ આણંદ દ્વારા સંસ્થાના પ્રમુખ જયંતીભાઈ આર. શાહના અધ્યક્ષ સ્થાને નાણાકીય આયોજન અને નિવૃત્તિમાં સન્માનભેર જીવન જીવવા અંગેનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નિષ્ણાત વક્તાઓએ વરિષ્ઠ નાગરિકોને બચત, એસઆઈપી અને દેશની અર્થવ્યવસ્થાના વિવિધ પાસાઓ પર વિસ્તૃત માર્ગદર્શન આપીને સભ્યોના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. કાર્યક્રમમાં આણંદ જિલ્લા બાર એસોસિયેશનના નવનિયુક્ત પ્રમુખ આર.ટી. શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને જન્મદિન ઘરાવતા સભ્યોને સ્મૃતિ ભેટ આપી સન્માનિત કરાયા હતા,. મંત્રી નરેન્દ્રભાઈ શાહે ક્લબની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

આણંદની દાદાભાઈ નૌરોજી ઇન્સ્ટિટ્યૂટમાં ફાયર સેફ્ટી મોકડ્રિલ અને તાલીમ યોજાઈ

આણંદ | આણંદની દાદાભાઈ નૌરોજી ઇન્સ્ટિટ્યૂટમાં કરમસદ આણંદ ફાયર સર્વિસીસ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ફાયર સેફ્ટી મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ ફાયર સ્ટાફે કટોકટીના સમયે રેસ્ક્યુ માટેના સાધનોનું પ્રેક્ટિકલ ડેમોસ્ટ્રેશન આપી તમામને માહિતગાર કર્યા હતા. આ તાલીમનો ઉદ્દેશ્ય શહેરની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ લાવી યુવા પેઢીને સુરક્ષિત બનાવવાનો છે.

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાં આંતર કોલેજ સંસ્કૃત શ્લોકગાન સ્પર્ધા યોજાઈ

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા આયોજિત આંતર કોલેજ શ્લોકગાન સ્પર્ધામાં 19 કોલેજોના 31 વિદ્યાર્થીઓએ વિવિધ સંસ્કૃત કૃતિઓનું મધુર ગાન કર્યું હતું. કુલપતિ પ્રોફે. નિરંજન પટેલે સંસ્કૃતને વૈજ્ઞાનિક ભાષા ગણાવી યુવાનોને તેના પઠન અને પાઠન દ્વારા જીવન સમૃદ્ધ બનાવવા પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું. આ સ્પર્ધામાં નલિની આર્ટ્સ કોલેજની ધ્રુવિષા પરમાર પ્રથમ, સ્નેહલ વાળંદ દ્વિતીય અને કર્તવ્ય ભટ્ટ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતાં. ડો. પરેશ ત્રિવેદી અને ડો. મૌનસ ઠાકરના નિર્ણાયક પદ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું સફળ સંચાલન ડો. પ્રિયંક રાવલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

આણંદની પી. એમ. પટેલ કોલેજનો 24મો વાર્ષિક મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

આણંદ | આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત પી. એમ. પટેલ કોલેજ કેમ્પસ ખાતે 24મો વાર્ષિક મહોત્સવ સંસ્થાના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલના અધ્યક્ષસ્થાને ધામધૂમથી ઉજવાયો હતો. આ અવસરે 'અસરદાર વંદે માતરમ યાત્રા 150' પુસ્તકનું વિમોચન કરવાની સાથે વંદે માતરમના 150 વર્ષ અને અટલ બિહારી વાજપાઈની 101મી જન્મજયંતિની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી ટોપર્સ વિદ્યાર્થીઓનું મેડલ આપી સન્માન કરાયું અને સરદાર પટેલના જીવન પર આધારિત ભવ્ય નાટક તેમજ એનસીસી દ્વારા તૈયાર કરાયેલ રંગોળી પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ ત્રિવેણી સંગમ સમાન ઉત્સવમાં સંસ્થાના હોદ્દેદારો, શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી દ્વારા વલાસણમાં એનએસએસ શિબિર યોજાઇ

આણંદ | કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટીની એનએસએસ શિબિર વલાસણ ખાતે યોજાઇ હતી. જ્યાં પ્રોવોસ્ટ ડો. અભય ધરમસીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કેમ્પમાં મેડિકલ અને પેરામેડિકલના 200થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ ગ્રામજનો માટે આંખ-દાંતના નિદાન કેમ્પ યોજ્યા હતા અને વિવિધ રોગો તેમજ રક્તદાન અંગે જનજાગૃતિ ફેલાવી હતી. જ્યારે રોડ સેફ્ટી, શિસ્ત અને નેતૃત્વ જેવા વિષયો પર સામાજિક જવાબદારીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

બાકરોલની સ્પેક કોલેજમાં 'DNA સેપરેશન' વિષય પર હેન્ડ્સ-ઓન ટ્રેનિંગ યોજાઈ

આણંદ | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાયડ સાયન્સ, બાકરોલ ખાતે SIC સેલ અંતર્ગત 'DNA separation by electrophoresis' વિષય પર પ્રાયોગિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરતના નિષ્ણાત ડો. ગોપાલજી ગોપાલ દ્વારા વિદ્યાર્થીઓને ઇલેક્ટ્રોફોરેસિસ પ્રક્રિયા અને પરિણામ વિશ્લેષણ અંગેનું લેબોરેટરી કૌશલ્ય વર્ધક જ્ઞાન આપવામાં આવ્યું હતું. આચાર્ય ડો. મુકુંદચંદ્ર ઠાકુર અને વિભાગીય વડાઓના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સત્રમાં વિદ્યાર્થીઓએ સાધનોના ઉપયોગ અને સેમ્પલ તૈયારીની પ્રાયોગિક તાલીમ મેળવી હતી. આ સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ચારુસેટ યુનિ.ને રાષ્ટ્રીય સ્તરે 'ઇન્સ્ટિટ્યૂશન ઓફ હેપ્પીનેસ' તરીકેની માન્યતા મળી

આણંદ | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીને નવી દિલ્હીમાં આયોજિત સમારંભમાં QS I-GAUGE દ્વારા વર્ષ 2025-26 માટે 'ઇન્સ્ટિટ્યૂશન ઓફ હેપ્પીનેસ' સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સર્વેક્ષણ પર આધારિત છે, જે યુનિવર્સિટીના સકારાત્મક, સુખાકારી અને સર્વાંગી વિકાસલક્ષી શૈક્ષણિક વાતાવરણને પ્રમાણિત કરે છે. પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલે આ સફળતાને સમગ્ર ચારુસેટ પરિવારના સામૂહિક પ્રયાસો અને સમર્પણનું પરિણામ ગણાવી, તેને સંસ્થા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યું હતું. આ માન્યતા ચારુસેટની શૈક્ષણિક ઉત્કૃષ્ટતા, સંસ્થાકીય સુખાકારી અને વૈશ્વિક માપદંડો તરફની તેની સતત ગતિશીલ યાત્રાને વધુ મજબૂત બનાવે છે.

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિરપુર
કાર્યાલયઃ- દેસાઈ સી.એમ.હાઈસ્કુલ સામે, વિરપુર,તા.વિરપુર જી.મહીસાગર - ૩૮૮૨૬૦

ઈ-ટેન્ડર જાહેર નીવેદા ૨૦૨૫-૨૦૨૬

ચેરમેનશ્રી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરપુર ૩૮૮૨૬૦ મો.૯૯૨૫૩૨૨૬૧૧ દ્વારા ઇ ટેન્ડર પદ્ધતિથી ગુજરાત સરકારમાં "ડી" ક્લાસ કે તેથી ઉપરના નોંધાયેલા ઇજારદારો પાસેથી સરદાર પટેલ અનાજ માર્કેટ ખાતે ગોડાઉન અંદાજીત રકમ ૭૮.૪૫લાખ, ટેન્ડર ફી ૨૦૦૦.૦૦,ઈ.એમ.ડી ૭૮૪૫૦.૦૦ તથા આરસીસી રસ્તા માટે અંદાજિત રકમ ૯.૭૮ લાખ, ટેન્ડર ફી ૯૦૦.૦૦.ઈ.એમ.ડી ૯૭૮૦.૦૦ ઓનલાઇન ટેન્ડર આપવામાં આવેલ છે. સદર કામગીરીના ઇ ટેન્ડરો https//tender.nprocure.com વેબ સાઇટ ઉપર થી મળશે અને આ સાઇટ ઉપર તારીખ ૨/૧/૨૦૨૬ થી ૧૨/૦૧/૨૦૨૬ને સોમવાર ના રોજ સાંજ ના ૫-૦૦ કલાક સુધી માં ઓનલાઇન ભરવાના રહેશે. તારીખ-૧૬/૦૧/૨૦૨૬ને શુક્રવાર ના રોજ સાંજ ના ૪.૦૦ વાગ્યા સુધી માં ફિઝીકલ ડોક્યુમેન્ટ જેવાકે ટેન્ડરફી, ઇએમડી ની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે.અપલોડ કરેલ તમામ દસ્તાવેજ એટસ્ટેડ સર્ટિફાઇડ કરી સીલબંધ કવરમાં બજાર સમિતિ વિરપુર ના કાર્યલયે ઓફિસ સમય દરમિયાન રજીસ્ટરએડી કે કુરિયર મારફતે મોકલી આપવના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

શરતો :- શરતી ટેન્ડર મંજૂર કરવામાં આવશે નહીં
કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર મંજૂર કરવા કે ના કરવા તે તમામ હક્ક બજાર સમિતિના ચેરમેનશ્રીને આબાધિત રહેશે.

પટેલ રજનીકાંત નટવરભાઈ - ચેરમેનશ્રી, બજાર સમિતિ વિરપુર